RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 161 Date: 02.04.2024 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## કચ્ચાથિવુ વિવાદ પર કોંગ્રેસનો જવાબઃ ચિદંબરમે કહ્યું- 'લોકો કેટલી જલ્દી રંગ બદલે છે...



કચ્ચાથિવુ મુદ્દે પીએમ મોદીના ટ્વીટ અને વિદેશ મંત્રી એસ જયશંકરની પ્રેસ કોન્ફરન્સનો હવે કોંગ્રેસના રાજયસભા સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદંબરમે જવાબ આપ્યો છે. ચિદંબરમે શ્રીલંકાને કચ્ચાથિવુ દ્વીપ શ્રીલંકાને આપવાના કરારનો બચાવ કર્યો હતો. તેણે કહ્યું કે, આ વાહિયાત આરોપ છે. આ કરાર ૧૯૭૪ અને ૧૯૭૬માં થયો હતો. પીએમ મોદી તાજેતરના ઇ્‌ જવાબનો ઉલ્લેખ કરી રહ્યા છે તેમણે ૨૭ જાન્યુઆરી ૨૦૧૫ના ઇ્‌ જવાબનો ઉલ્લેખ કરવો જોઈએ, જ્યારે વિદેશ મંત્રી એસ જયશંકર વિદેશ સચિવ હતા. તે જવાબમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, વાતચીત બાદ આ દ્વીપ આંતરરાષ્ટ્રીય સરહદના શ્રીલંકાના હિસ્સામાં છે.ચિદંબરમે આગળ કહ્યું કે, શું તમે જાણો છો કે ઈન્દિરા ગાંધીએ શા માટે સ્વીકાર્યું કે તે શ્રીલંકાનો છે? કારણ કે શ્રીલંકામાં ૬ લાખ તમિલ પીડિતો હતા. તેથી તેમણે શરણાર્થી તરીકે ભારતમાં આવવું પડ્યું હતું. આ કરારના પરિણામે ૬ લાખ તમિલો ભારતમાં આવ્યા અને તેઓ અહીં તમામ માનવ અધિકારો સાથે સ્વતંત્રતાનો આનંદ માણી રહ્યા છે.આ પહેલા આજે વિદેશ મંત્રી એસ જયશંકરે દાવો કર્યો હતો કે, કોંગ્રેસના વડા પ્રધાનોએ કચ્ચાથિવુ દ્વીપ મુદ્દે ઉદાસીનતા દર્શાવી હતી અને તેના વિપરીત કાયદાકીય વિચારો છતાં ભારતીય માછીમારોના અધિકારોની અવગણના કરી હતી. તેમણે કહ્યું કે જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધી જેવા વડા પ્રધાનોએ ૧૯૭૪માં દરિયાઈ સીમા કરાર હેઠળ શ્રીલંકાને આપવામાં આવેલા કચ્ચાથિવુને નાનો દ્વીપ અને નાનો ખડક ગણાવ્યો હતો. વિદેશ મંત્રી પર પલટવાર કરતા ચિદંબરમે ૨૫ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ વિદેશ મંત્રાલયના એક ઇ્‌ જવાબનો હવાલો આપ્યો. તેમણે કહ્યું કે, આ ઇ્‌ જવાબે એ પરિસ્થિતિઓને યોગ્ય ઠેરવી હતી જેના કારણે ભારતે સ્વીકાર્યું કે એક નાનો દ્વીપ શ્રીલંકાનો છે. વિદેશ મંત્રી અને તેમનું મંત્રાલય આવું કેમ કરી રહ્યા છે? લોકો કેટલી જલ્દી રંગ બદલી નાખે છે. એક સૌમ્ય ઉદાર વિદેશ સેવા અધિકારી અને એક વિદેશ ચતૂર વિદેશ સચિવથી લઈને આરએસએસ-ભાજપના મુખપત્ર સુધી જયશંકરનું જીવન કલાબાજી ખેલના ઈતિહાસમાં નોંધવામાં આવશે.તમિલનાડુના રાજયસભા સાંસદ ચિદંબરમે કહ્યું કે, પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ સ્વીકાર્યું હતું કે, આ દ્વીપ શ્રીલંકાનો છે કારણ કે તે દેશમાં ૬ લાખ તમિલ પીડિતો હતા અને તેઓએ શરણાર્થી તરીકે ભારત આવવું પડ્યું અને અહીં સ્થાયી થવું પડ્યું હતું. ચિદંબરમે કહ્યું કે ૨૭ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ વિદેશ મંત્રાલયનો જવાબ આ મામલાને પૂર્ણ કરે છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂછ્યું કે, તમે ૫૦ વર્ષ પછી આ મુદ્દો કેમ ઉઠાવી રહ્યા છો? તમે એ વિશે વાત કેમ નથી કરી રહ્યા કે, ૨-૩ વર્ષમાં શું થયું? પીએમ મોદીએ રવિવારે કહ્યું હતું કે કોંગ્રેસે કચ્ચાથિવુને શ્રીલંકાને સોંપી દીધું હતું.

ચિદંબરમે કહ્યું કે, કચ્ચાથિવુનું ક્ષેત્રફળ ૧.૯ ચોરસ કિલોમીટર છે. તેમણે કહ્યું ચીને ભારતની ૨૦૦૦ ચોરસ કિલોમીટર જમીન હડપ કરી લીધી છે. પીએમ મોદીએ એવું કહીને ચીનની આક્રમકતાને યોગ્ય ઠેરવી કે, ભારતની ધરતી પર કોઈ ચીનના સૈનિકો નથી. ચીને મોદીના ભાષણને સમગ્ર વિશ્વમાં પ્રસારીત કરી દીધું. ચીને જે જમીન હડપ કરી છે તે નાના ટાપુ કરતા પણ ૧૦૦૦ ગણી વધારે છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાએ કહ્યું કે, ઉદાર આદાન-પ્રદાન એક બાબત છે અને દુર્ભાવનાપૂર્ણ જપ્તી બીજી વાત છે.

## ચીને અરુણાચલના ૩૦ સ્થળના નામ બદલ્યા, સાત વર્ષમાં ચોથી વાર ભારતની જમીન પર ડ્રેગનનો દાવો

ચીન અને પાકિસ્તાનમાં કોઈપણ ફરક નથી, જેમ પાકિસ્તાન વર્ષોથીઁદ્ધ મામલે ભારત વિરુદ્ધ ઝેર ઓકતું રહ્યું છે, તેમ ચીન પણ ંઞ મામલે ભારત વિરુદ્ધ અટચાળો કરતો રહે છે. ચીને (ઝરૈહઙ્ઘ) ફરી ચોથી વખત ભારત (ૈંહઙ્ઘૈટ્ઠ)ની જમીન પર દાવો કર્યો છે. તેણે ફરી અરૂણાચલપ્રદેશ (છિેહટ્ઠષ્ઠરટ્ઠઙ્મ ઁિટ્ઠઙ્ઘીજર)ના કેટલાક સ્થળોના નામો બદલી ૩૦ નામોની યાદી જાહેર કરી છે. ડ્રેગનનું આ કારસ્તાન સામે આવ્યા બાદ નિષ્ણાંતોએ પણ તેની આકરી ઝાટકણી કાઢી છે.ચીનના સરકારી સમાચાર પત્ર 'ગ્લોબલ ટાઈમ્સે તાજેતરમાં કહ્યું કે, ચીનીના નાગરિક બાબતોના મંત્રાલયે 'જંગનાન' માં પ્રમાણિત ભૌગોલિક નામોની ચોથી યાદી જાહેર કરી છે. ડ્રેગન પહેલાથી જ અરૂણાચલ પર દાવો કરતો રહે છે, તો ભારત પણ હંમેશા તેના દાવાને રદીયો આપતું રહ્યું છે. ભારતનું કહેવું છે કે, અરૂણાચલપ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે અને કાલ્પનિક નામો રાખવાથી વાસ્તવિકતા બદલાશે નહી.સંરક્ષણ નિષ્ણાત બ્રહ્મ ચેલાનીએ કહ્યું કે, 'ભારતે ચીનને યાદ અપાવવું જોઈએ કે, તેણે આંતરરાષ્ટ્રીય કાયદાની મજાક ઉડાવી તિબેટ પર કબજો કરી લીધો છે. હવે તે ભારતના અરૂણાચલપ્રદેશ રાજ્ય પર કબજો કરવા માંગે છે, જોકે ભારત પણ આ રાજ્ય ભારતનો અભિન્ન ભાગ હોવાનો કહી વળતો જવાબ પતું રહે છે. ભારતે ચીનને સ્પષ્ટ કહી દેવું જોઈએ કે, વાસ્તવમાં બીજિંગ તિબેટ પર કબજો કરીને ભારતનો પડોશી બનીને બેઠો છે.

## ભાજપ સ્થાપના દિવસ પર દેશભરમાં ખાસ કાર્યક્રમોનું આયોજન કરાશે

નવીદિલ્હી,તા.૧

ભારતીય જનતા પાર્ટી તેના સ્થાપના દિવસ એટલે કે ૬ એપ્રિલે એક મોટા કાર્યક્રમનું આયોજન કરવા જઈ રહી છે. આ પ્રસંગે ભાજપ દ્વારા દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સાંજે ૫ વાગ્યે પીએમ મોદી ગાઝિયાબાદમાં લગભગ એક કિલોમીટર લાંબો રોડ શો કરશે. પીએમ મોદીનો આ રોડ શો કાલકાગઢી ચોકથી ઘંટાઘર સુધી થશે. લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુપીમાં તોફાની પ્રવાસ કરવા જઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, પીએમ મોદી આ મહિને યુપીના અલગ-અલગ જિલ્લામાં ઘણી જનસભાઓને સંબોધિત કરશે. આ સંબંધમાં પીએમ મોદી ૬ એપ્રિલે ગાઝિયાબાદ પહોંચશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૬ એપ્રિલની સાંજે જ ગાઝિયાબાદમાં રોડ શો કરશે. આ પછી પીએમ મોદી લોકસભા ચૂંટણી માટે દેશભરમાં રેલીઓ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ એપ્રિલે જમુઈમાં રેલી કરીને બિહારમાં ચૂંટણીનું બ્યુગલ વગાડશે.

જમુઈમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થશે. લોકસભા ચૂંટણીના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરાખંડમાં મંગળવારે રૂદ્રપુરમાં તેમની પ્રથમ જાહેરસભા કરશે. રાજ્યમાં ૧૯ એપ્રિલે ચૂંટણી માટે મતદાન થશે.

## અરવિંદ કેજરીવાલને તિહાર જેલ નંબર ૨માં રાખવામાં આવશે

નવીદિલ્હી,તા.૧

લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ઈડીના રિમાન્ડ પૂરા થતાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. તેને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. આ દરમિયાન અરવિંદ કેજરીવાલને તિહાર જેલમાં રાખવામાં આવશે. અરવિંદ કેજરીવાલનું મેડિકલ ડોક્ટર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવશે, જેમાં બીપી અને શુગરની તપાસ કરવામાં આવશે. બાકીની મેડિકલ હિસ્ટ્રી પૂછવામાં આવશે, જેનો રિપોર્ટ રેકોર્ડમાં રાખવામાં આવશે. ત્યારબાદ કેજરીવાલને જેલમાં અલગ સેલમાં રાખવામાં આવશે.

## જો હું જીતી તો રાશન કાર્ડ પર અનાજની સાથે સસ્તો બ્રાન્ડેડ દારૂ પણ મળશે' : અપક્ષ ઉમેદવારની જાહેરાત

મુંબઇ,તા.૧

લોકસભા ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો બાકી છે. દરમિયાન ચૂંટણી મેદાનમાં ઉતરેલા ઉમેદવાર જીત નક્કી કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. મતદાતાને લોભામણા વચન આપવામાં આવી રહ્યા છે. આવુ જ એક વચન મહારાષ્ટ્રના એક અપક્ષ ઉમેદવારે આપ્યુ છે, જે ચર્ચામાં છે. મહારાષ્ટ્રના ચંદ્રપુરના ચિમૂર ગામથી અપક્ષ ઉમેદવાર વનિતા રાઉતે કહ્યુ છે કે જો તે લોકસભાની આગામી ચૂંટણી જીતશે તો તે ગરીબ લોકોને સસ્તી વ્હિસ્કી અને બીયર આપશે.

વનિતા રાઉતે ગરીબ મતદાતાઓને લોભાવવા માટે અજીબોગરીબ વચન આપતા કહ્યું છે કે તે દરેક ગામમાં બીયરબાર ખોલશે અને સાંસદ નિધિ ફંડથી સસ્તી વ્હિસ્કી અને બીયર પણ વોટર્સને પૂરા પાડશે. તેણે કહ્યું, જ્યાં ગામ, ત્યાં બીયર બાર. આ મારા મુદ્દા છે. તેણે રાશનિંગ સિસ્ટમથી દારૂ આયાત કરવાના વચન પર કહ્યું કે આ માટે દારૂ પીનારા અને દારૂ વેચનારા બંનેની પાસે લાયસન્સ જરૂરી છે.

તેણે કહ્યું કે જે લોકો ખૂબ ગરીબ છે, આકરી મહેનત કરે છે, તેમને માત્ર દારૂ પીવાથી જ સાંત્વના મળે છે. પરંતુ તે ગુણવત્તાપૂર્ણ વ્હિસ્કી કે બીયર એફોર્ડ કરી શકતા નથી. તે માત્ર દેશી દારૂ પીવે છે અને તેના સેવનની કોઈ મર્યાદા નથી. તેથી તે બેભાન થઈ જાય છે. હું ઈચ્છું છું કે તે ઈમ્પોર્ટેડ દારૂનો આનંદ લે.

## સોરેને હાઈકોર્ટના આદેશ સામેની અરજી પાછી ખેંચી, બજેટ સત્રમાં હાજરી આપવાની પરવાનગી માંગી હતી

રાંચી,તા.૧

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રીએ વિધાનસભામાં બજેટ સત્રમાં હાજરી આપવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે તેમને બજેટ સત્રમાં ભાગ લેવાની મંજૂરી આપી ન હતી, ત્યારબાદ તેમણે કોર્ટના આ નિર્ણયને પડકાર્યો હતો. જોકે, હવે સોરેને સુપ્રીમ કોર્ટમાંથી હાઈકોર્ટને પડકારતી અરજી પાછી ખેંચી લીધી છે.

હેમંત સોરેને હાઈકોર્ટમાં ૨૩ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધીના બજેટ સત્રમાં ભાગ લેવાની પરવાનગી માંગી હતી. ૨૮ ફેબ્રુઆરીએ હાઈકોર્ટે સોરેનની અરજી ફગાવી દીધી હતી.



સોમવારે, જ્યારે તેમની અરજી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવી ત્યારે સોરેન વતી વકીલ કપિલ સિબ્બલ કોર્ટમાં હાજર થયા. કપિલ સિબ્બલે કહ્યું કે તેમને (સોરેન)ને તેમની અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવી જોઈએ, કારણ કે બજેટ સત્ર ૨ માર્ચે સમાપ્ત થયું હતું.સિબ્બલે કહ્યું, ×હું તેને પાછું ખેંચવા માંગુ છું. કોર્ટમાં ઉઠાવવામાં આવેલા કાયદાના પ્રશ્નને ખુલ્લો રાખી શકાય છે.× સુપ્રીમ કોર્ટે અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે કાયદાનો પ્રશ્ન ખુલ્લો છોડી દેવામાં આવ્યો છે.

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મની લોન્ડરિંગ કેસમાં ૩૧ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. હાલ તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે. રાંચીની વિશેષ અદાલતે ૨૨ ફેબ્રુઆરીએ સોરેનને વિધાનસભા સત્રમાં હાજરી આપવાનો ઈનકાર કર્યો હતો.

## મોંઘવારીથી સામાન્ય જનતાને રાહત, કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થયો

નવીદિલ્હી,તા.૧

નવા વર્ષના અને મહિનાના પહેલા દિવસે સામાન્ય લોકોને મોટી રાહત મળી છે. કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડર અને પાંચ કિલોવાળા એફટીએલ સિલિન્ડરની કિંમતમાં કાપ મૂક્યો છે. આ પહેલાં પહેલી માર્ચે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો વધારી હતી.

પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૪એ ૧૯ કિલોવાળા સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ હવે સિલિન્ડરની કિંમતો સસ્તી થઈ છે.આઈઓસીએલની વેબસાઈટ મુજબ ૧૯ કિલોવાળા ગેસ સિલિન્ડરની નવી કિંમત રૂ. ૧૭૬૪.૫૦, કોલકાતામાં રૂ. ૧૮૭૯, મુંબઈમાં રૂ. ૧૭૧૭.૫૦ અને ચેન્નઈમાં રૂ. ૧૯૩૦ છે. દિલ્હીમાં ગેસ સિલિન્ડરની કિંમત રૂ. ૩૦.૫૦ કોલકાતામાં રૂ. ૩૨, મુંબઈમાં રૂ. ૩૧.૫૦ અને ચેન્નઈમાં રૂ. ૩૦.૫૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે સ્થાનિક સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યા. ઘરમાં ઉપયોગમાં લેવામાં આવતા ગેસ સિલિન્ડરની કિંમતો સ્થિર બનેલી છે. દિલ્હીમાં



૧૪.૨ કિલોગ્રામ રાંધણગેસ સિલિન્ડરની કિંમત રૂ. ૮૦૩, કોલકાતામાં રૂ. ૮૨૯, મુંબઈમાં રૂ. ૮૦૨.૫૦ અને ચેન્નઈમાં રૂ. ૮૧૮.૫૦ની છે. નવ માર્ચે ઘરેલુ ગેસ સિલન્ડિરની કિંમતમાં રૂ. ૧૦૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

## ઓવૈસીએ મુખ્તાર અંસારીના પુત્રને ગળે લગાવ્યા, ૪૦ મિનિટ સુધી વાત કરી

ગાઝીપુર,તા.૧

માફિયા મુખ્તારના મોત બાદ એઆઈએમઆઈએમના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી રવિવારે મુહમ્મદાબાદ પહોંચ્યા હતા. ઓવૈસી રવિવારે મોડી રાત્રે મુખ્તાર અંસારીના નિધન પર શોક વ્યક્ત કરવા પહોંચ્યા હતા. ઓવૈસી લખનૌથી સીધા જ મુહમ્દાબાદમાં સાંસદ અફઝલ અન્સારીના ફાટક આવાસ પર પહોંચ્યા હતા. આ દરમિયાન સમર્થકોની ભીડ એકઠી થઈ ગઈ હતી.એઆઈએમઆઈએમના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી પણ રવિવારે મોડી રાત્રે મુખ્તાર અંસારીના નિધન પર શોક વ્યક્ત કરવા પહોંચ્યા હતા. તેઓ લખનૌથી સીધા જ સાંસદ અફઝલ અંસારીના મુહમ્દાબાદમાં આવેલા ફાટકના ઘરે પહોંચ્યા હતા. જ્યાં તેણે મુખ્તાર અંસારીના પુત્ર ઓમર અંસારીને ગેટ પર જ ગળે લગાવ્યો હતો. સાથે જ તેની સાથે ભોજન પણ લીધું હતું.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS NO- 221**
વિષય - શબ્દનો સળવળાટ
શીર્ષક - શબ્દ.
પ્રકાર - પદ્ય. શબ્દો -૭૬
કનુ.પ્રણામી."કીર્તિ".(અરવલ્લી).

શબ્દમાં ને શબ્દમાં અર્થ અપાર મળે,
શબદ હરિનો જો સમજો તો સાર મળે.

શબ્દોની જો પળે આંટીઘૂંટી તો પછી,
શબ્દોનો જ વળી, વળતો પ્રહાર મળે.

શબ્દનું જો પુરીએ કીડીયારું તો વળી,
કવિની રસ ભરી ગઝલ, પાણીદાર મળે.

એક શબ્દ કાજ લડી પડે દુનિયા આખી,
મનન કરો, શબ્દાતીત શબ્દો બહાર મળે.

રામ કહો શ્યામ કહો શ્રીજી સાહેબ કહો,
મનન કરો તો, તારતમ સાગરમાં સાર મળે.

ગાલગાગા લગાગા કાંઈ ના જાણે " કીર્તિ",
મારી કસાયેલી કલમના શબ્દ વાંચનાર મળે.........--"કીર્તિ ".

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 182**
વિષય:"શબદ(શબ્દોનો સળવળાટ)
શબ્દાર્થ
શીર્ષક: આકાર આપી શું લખું?
પ્રકાર: પદ્ય - શબ્દ સંખ્યા: ૬૫
નામ: ઈશ્વરી ડૉક્ટર "ઈશ"

કલ્પનાને દેહનો અવતાર આપી શું લખું?
સાદગીને કાવ્યનો શણગાર આપી શું લખું?

પ્રેમપત્રો સામટાં, વરસે છે ભીની આંખથી,
શબ્દનાં એ રૂપને વિસ્તાર આપી શું લખું?

એક તારું નામ બસ કાફી ગઝલ શણગારવા,
હું કલમને યાદની વણઝાર આપી શું લખું?

સપ્તરંગી છે છબી તારી, હૃદયનાં કાગળે,
લાગણીનાં રંગને ચિતાર આપી શું લખું?

કોઈ રીતે પહોંચતી નહોતી એ તારા દિલ સુધી,
ભાગ્યરેખાને નવો આકાર આપી શું લખું?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 136**
વિષય - શબ્દનો સળવળાટ
પ્રકાર :પદ્ય મૌલિક રચના
શીર્ષક- હું અને મારી કલમ

અંતરમાં ભર્યું છે એક નવું જોમ,
શબ્દોનો સળવળાટ મળે તો રોમ.

આલેખું હરી તારા નામના શબ્દો,
દિલડે લખાવું પ્રભુ તારા શબ્દો.

કલમ કાગળ લઈને બેસું એકલી,
બસ ભલે હોય એ મારી ઘોકલી.

શબ્દનો સળવળાટ ઉરે ઉભરે,
પછી ભલે હો લખવાની ઉંમરે.
આજ મારું અચળ થનગને હૈયું,
કંઈક લખાણનું થાય એવું સામૈયું.

'નિર્મોહી'ની વિનંતી છે એક આજ,
આપ સૌ બાહુબલી લખવાને કાજ

હિમાંશી પંડિત નિર્મોહીવીરપુર મહીસાગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષય : શબદ
શિર્ષક:શબદનાં સથવારે
વિભાગ:પદ્ય શબ્દ::૬૮
?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"
રાખ ભીતર આગ સળગતો હોય છે,
શબદ ધ્વનિ બ્રહ્માંડમાં પડઘાતો હોય છે.

શબદની આંટીઘૂટીમાં અટવાતો જીવડો,
રોજ શબદનાં સથવારે બોલતો હોય છે.

ખુદનાં સપનાંઓ,વિચારો અને વેદનાઓ,
માનવ શબદ સથવારે જણાવતો હોય છે.

ચૂપ રહેવાનું ક્યાં સુધી અને કેટલું ભલા!
શબદનાં સથવારે લેખક જીવતો હોય છે.

જ્ઞાન અને વિજ્ઞાન શબ્દદેહે કંડારી માનવ,
કાગળે અકબંધ રાખવા લખતો હોય છે.

સમય સાથે ચાલતાં શીખતો માણસજાત,
શબદનાં સથવારે અનુભવ કહેતો હોય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNo - 229.**
પ્રકાર : ગદ્ય , વિષય : શબ્દોનો સળવળાટ.શીર્ષક : શબ્દોનું અલૌકિક
શબ્દો : ૨૪૩.... વિશ્વ.
શબ્દોનું અલૌકિક વિશ્વ
★★★★★★★★★★★★★★★★★★
માનવી કંઈ પણ કાર્ય કરે

બોલે,ચાલે,નાચે કૂદે કે ગમે તે પ્રવૃત્તિ કરે તે માટે તેના મને તેને આદેશ આપેલા હોય છે. તેનાથી અક્ષરો આકાર લે છે, અને તેનાથી શબ્દો વાક્યો ફકરા અને સાહિત્યના ગદ્યપદ્ય!એટલે કે શબ્દોનું સર્જન કે સળવળાટનું મૂળભૂત માળખું એ લાગણીના તરંગો અને તે થકી ની વિચારધારાને પ્રમાણે કાર્યના નિરૂપણ થી સર્જાતું હોય છે.

ઘણી વાર લાગણીઓ ઐશ્વર્ય ભય પ્રેમ, ધિક્કારના આપણા પ્રાસંગિક કે અણધાર્યા પ્રસંગો પ્રમાણે મુખમાંથી અનાયાસે સરી જતા શબ્દો પણ તેનું જવલંત ઉદાહરણ બની જાય છે.

કહેવત છે કે," જેવું વાવો તેવું લણો!અર્થાત જેવા વિચારો અને માનસિક પરિસ્થિતિ અને કાર્યકુશળતા પ્રમાણેના અભિગમ રાખો, તેવા કાર્યો તમે કરી શકો છો. કાર્યશક્તિ પ્રમાણેની મંઝિલ અને શ્રદ્ધા કે આસ્થા પ્રમાણેની ભક્તિ રાખવાથી જીવનનું નિર્માણ સતત કર્મયોગ કરીને માનવી મેળવી શકે છે. ઉત્તમ આચારો અને સુધારાત્મક સત્સંગ દરેકે દિનચર્યામાં અચૂક રાખવાથી આપણા સૌના જીવનનું કલ્યાણ થાય છે.

શુદ્ધ વિચારોની મતિ, પરોપકારની ગતિ અને સદભાવના થી પ્રેરાયેલા શબ્દો વાપરીને કરેલા વાણી વ્યવહારથી કલ્યાણકારી જીવનનું નિર્માણ થાય છે. આવા જ જીવનમાં સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ જ્યારે થાય છે, ત્યારે અક્ષરોની હકારાત્મક હારમાળા સુયોગ્ય રીતે ક્રમાનુસાર ગોઠવાઈ ત્યારે શબ્દો બને છે. આવા શબ્દોના વાક્યો જ્યારે કોઈ વિચારને મૂર્તિમંત કરવા પ્રયોજાય ત્યારે નિશ્ચિત પ્રકારનું ભાષા સાહિત્ય આકાર પામે છે. સદભાવના યુક્ત ભાષાસાહિત્ય,ઉચ્ચ આચારવિચારવાળા વાણી વર્તન સાથેનો વ્યવહાર કોઈક દૈવી યોગે જ સર્જાતો હોય છે. આ સાથે પરસ્પરનાસન્માન,ભાઈચારા સહિતના સામાજિક આર્થિક , ધાર્મિક અને વૈશ્વિક વ્યવહારોનો સદાય મહત્તમ આદાન-પ્રદાન કરવામાં આવે તો તેમાંથી " વસુધૈવ કુટુંબકમ"ની કલ્યાણકારી ભાવના પૃથ્વી પર સર્જાઈ શકે છે.અસ્તુ...

- "પ્રપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય : શબ્દાર્થ.શિર્ષક : શબ્દોની અસર
શબ્દ સંખ્યા : ૧૨૩
લેખિકા: અલકા નવિનચંદ્ર મહેતા

શબ્દ નાદ છે બ્રહ્મનો,
શબ્દ ગૂંજે અખિલ બ્રહ્માંડ.
શબ્દથી શાતા મળે ને,
શબ્દ ઉપજાવે વિતંડાવાદ.

બોલતાં તો સહું કોઈ શીખે,
શબ્દ પસંદગીમાં ગોથાં ખાય.
અર્થનો અનર્થ થઈ જાય ત્યારે,
સંબંધોનું અકાળ મૃત્યુ થાય.

શબ્દ મીઠાં ફળ સમાં તો,
શબ્દ લાગે હૈયાની આરપાર.
શબ્દ જે જાળવીને વાપરે,
સંબંધો હોય એનાં વધાર.

ચાખવા શબ્દોને વાપરતા પહેલા,
તો કરશો શબ્દો પર રાજ.
ઘાવ કરે હૈયાં સોંસરવા,
શબ્દો છે કુશળ તીરંદાજ.

કેટલાંક શબ્દોથી વાલિયા બને વાલ્મીકિ,
કેટલાંક નરસિંહ મહેતાને મુકાવે ઘરબાર.
કેટલાંક શબ્દોથી મહાભારત નીપજે,
કેટલાંક આપે ભગવદ ગીતાનો સાર.

શબ્દ બોલવા મધુરાં ને આશિષરૂપે,
બ્રહ્માંડ મંડળમાં શુભતા બની ઘુમરાય.
શબ્દ ગુંથાય મંત્રોચ્ચારમાં તો,
જીવનને પરમગતિ ભણી દોરી જાય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષય:- શબ્દનો સળવળાટ
વિષય:- પદ્ય.શબ્દો:- ૮૫
શીર્ષક:- શબ્દનો આક્રોશ
લેખિકા નામ:- ડૉ. મનીષા વ્યાસ

બસ બંધ કરો મને સતત આમ રમાડવો..
છું દેહે શબ્દ, અક્ષર બંધારણે બંધાયો.

ક્યાં ગયું એ ગુમાન, શૌર્ય ને નીડરતા?
છું ભરડે જૂઠી શ્લાધા, સ્વાર્થી નિંદાના.

પૂર્વે જન્મતો શૌર્યની સાહિત્યિક રસિક કલમે,
કલમ થઈ બુઠ્ઠી, ખુશામતી જી-હજૂરી હવે.

સત્ય, સ્પષ્ટ ને સાચું કેમ ના લખો આરાધકો?
બુઠ્ઠી કલમ તલવારો કરો મ્યાન, ને મૌન બનો.

કરબદ્ધ વિનંતી; શબ્દદેહ કલેવર ના શરમાવો.
કલાના ટેરવે સદા સળગતો સળવળતો રહ્યો.
ભગાડો મારી પાંગળી પામારતા ઝંખું શબ્દે!
ઘડો ઈતિહાસ કે જગે અમર થૈ રહું હૃદયે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.No.0098**
નામ:- લીના શર્મા..
વિષય:- શબ્દ ,શબ્દાર્થ...પ્રકાર :- પદ્ય
શીર્ષક:- શક્તિ...શબ્દ સંખ્યા:-૧૦૦
શબ્દ સંભાળીને બોલવા ,શબ્દના હાથ ન પાંવ .
એક શબ્દ ઔષધી ,એક શબ્દ કરે ઘા શબ્દોની મહિમા જગજાહેર ,
શબ્દોની ગરિમા જગજાહેર .
જ્યારે સાદગી થી બોલાય,
સુર બદલાઈ જાય ,
માણસના બદલાય .
પેલો શબ્દ હી હતો સાદગીનો ,
જે શબરી એ બોલ્યા હતા
અને કાયલ પ્રભુ રામ સુનારી હતા. આંધળાને આંધળા બોલી ગઈ અને ઘાયલ થયા દુશ્શાસન સુનારીથી. શબ્દોના સમજો સાર -સાર ,
એમને ના કરો તમે તાર- તાર .
શબ્દ સંભાળીને બોલવા,
શબ્દ ખેંચે ધ્યાન .
શબ્દ મન ઘાયલ કરે ,શબ્દ વધારે માન .

મિત્રો, શબ્દ એક શક્તિ છે, એક સહાયક છે .એક શબ્દથી આપણે જે અર્થ કાઢીએ તે જુદી વાત છે .પ્રધાન્ય આપણા મનની શક્તિનો છે.
??હાલોલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -0050**
વિષય - શબ્દો નો સળવળાટ
શીર્ષક - શબ્દો શબ્દોને મળે.
પ્રકાર - પદ્ય.શબ્દો સંખ્યા - ૧૪૦
??રાગીની શુક્લ "રાગ" મુંબઈ
.......................................
શબ્દ શબ્દને મળેને શણગાર સાથે સળવાળાટ થાય ..!
શબ્દ થઈ મુજ શ્વાસમાં બસ તું સદા વહેતો રહેજે...!
શબ્દનાં રસ્તે મળતી રહીશ સદા...!
શ્વાસો થતી શબ્દમાં રમતી રહીશ...!

શબ્દો મારાં શ્વાસ છે રમત રમાડે ...!
શબ્દો મારાં ભીતરનાં લખું છું...!
ભીતરને છલકાવે ને બેલી ડાન્સ કરાવે ...!
હાથ પકડીને લીધી છે મારી માતૃભાષા..!

જગાડે છે મને સદાય ...!
કપડાની ઘડી કરતાં કંઈ સળમાથી માંથી નીકળે ...!
નાચતો કુદતો પેલો શબ્દ ...!
આંખો મીચકાવી છુપાઈ જાય પાછો...!

હળવેથી કૂદકતો કુદક તો વિચારોમાં કરે ધમાચકડી ...!
ને શબ્દ કંઈ ન કહીને મને કહી જાય છે બધું ...!
ને મારાં મન દ્વારા કહેવડાવે છે બધું ...!
આયખું ગયું આમ તો શબ્દનાં વહેણમાં ...!

લાગણીનાં કૂણાં શબ્દ ફૂટી નીકળ્યાં ...!
આંખો નમી આંખોથી ઊર્મિ પ્રગટી..?!
ઊર્મીએ અંતરની વાચા થકી વેદનાં ના જાળા બાજી ગયાં ..!
તે શબ્દ થકી ભીતર આવી...!

કલમ થી સ્નેહને વેદનાં થઈ કાગળ પર ચિતરાઈ ગયાં ..!
હજી તો તાજા તાજા છે શબ્દો..!
શબ્દ સમજણો થઈ ગયો હવે તો..!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "શબદ (શબ્દો નો સળવળાટ) શબ્દાર્થ"★ ★શીર્ષક : "શબ્દ પર ચિંતન"★
★શબ્દ સંખ્યા : ૩૧૧★
★લેખકનું નામ : રસિકભાઈ વ પરમાર "રવ"★
એક વર્ણ (અક્ષર) પણ શબ્દ હોય છે. દા.ત. "હું" કે "તું"!
એક કે એકથી વધારે વર્ણ (અક્ષરો) મળીને શબ્દ બને છે.
એકથી વધારે શબ્દો ભેગા થઈ વાક્ય બને છે.
એકથી વધારે વાક્યો મળીને કથન બને છે.
એકથી વધારે કથનોથી ગ્રંથ બને છે.
એક શબ્દ આખો ગ્રંથ સમાવી શકે છે.
એક શબ્દ સમજાવવા ઘણા બધા ગ્રંથ ઓછા પડે.
એક શબ્દ અનેક અર્થસભર શબ્દનો સમૂહ હોય છે.
અનેક શબ્દો માટે એક અર્થસભર શબ્દ પણ હોય છે.
શબ્દ તારે પણ અને મારે પણ!
શબ્દ વિનંતી છે, આજ્ઞા છે.
શબ્દ તારાજ કરે, નારાજ કરે, હરાજ કરે.
શબ્દ ચીર છે, તીર છે.
શબ્દ વખાણે અને વખોડે પણ.
શબ્દ રમમાણ કરે અને શબ્દ રમખાણ પણ કરે.
શબ્દ જીત અપાવે અને હરાવે પણ.
શબ્દ આનંદ આપે, વ્યથા આપે.
શબ્દ સાન આપે, ભાન આપે, જ્ઞાન આપે.
શબ્દ અંજલિ છે, અગાધ સમુદ્ર પણ છે.
શબ્દ યાત્રા છે, વિરામ છે.
શબ્દ વિરાટ છે, શૂન્ય પણ છે.
શબ્દ રવ છે, નાદ છે, બોલ છે, ધ્વનિ છે, અવાજ છે.
શબ્દ શસ્ત્ર છે, વસ્ત્ર છે, અસ્ત્ર છે અને શાસ્ત્ર છે.
શબ્દ બીજ છે, ફળ, ફૂલ, વૃક્ષ છે.
શબ્દ આધાર છે, જડ છે, મૂળ છે.
શબ્દ મર્યાદા છે, સીમા છે, રેખા છે.
શબ્દ વચન છે, શક્તિ છે.
શબ્દ એકલો છે, ભેળો પણ છે.
શબ્દ સંતુષ્ટિ છે, તૃપ્તિ છે, તૃષા છે.
શબ્દ જિજ્ઞાસા છે, સંતોષ છે.
શબ્દ માલિક છે, મજૂર પણ.
શબ્દ ધનવાન છે, નિર્ધન પણ.
શબ્દ બળવાન છે, નિર્બળ પણ.
શબ્દ રાજા છે, રંક પણ.
શબ્દ અનંત છે, અંત પણ.
ગુરુ શબ્દ આપે છે.
શબ્દ મંત્ર છે, યંત્ર છે, તંત્ર છે.
શબ્દ સાધના છે, સમાધિ છે.
શબ્દ આશીર્વાદ છે અને અભિશાપ પણ.
એક અક્ષર વાળો સર્વશ્રેષ્ઠ શક્તિસભર શબ્દ "મા" છે. "મા" માં સમસ્ત બ્રહ્માંડ આવી ગયું

# ભાયલા પાસે ખાનગી કંપનીમાંથી રૂ.૧.૯૭ લાખનાં વીજ વાયરની ચોરી કરનાર ૫ શખસ ઝડપી લેવાયા

બાવળા તાલુકાના ભાયલા ગામની સીમમાં એસ્કોન પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લીમીટેડ કંપનીનું નિર્માણ કાર્ય ચાલુ છે. કંપનીમાં પ્લાન્ટની પાછળના ભાગે આવેલા સ્ટીલ યાર્ડથી લઈને કંપનીની બીલ્ડિંગ સુધી લગાડેલા લોખંડના પોલ ઉપર ઈલેક્ટ્રિક વીજ વાયર લગાડેલા હતા. તે વાયરો કટિંગ કરીને અને કંપનીના સ્ટોર રૂમના દરવાજાનું લોક તોડી સ્ટોર રૂમમાં મુકેલો ૨૦૦ મીટર વાયરનું બંડલની ૩ દિવસ પહેલા રાત્રે ચોરી થવા પામી હતી.જેથી કંપનીના માલીકે આવીને તપાસ કરી તો કંપનીમાં ઉભા કરેલા ૭ જેટલાં લોખંડના પોલ ઉપર લગાડેલા રૂ.૧,૨૬,૫૦૪નો ૬૦૦ મીટર ઈલેક્ટ્રિક વાયરો, કંપનીના સ્ટોરરૂમમાં મુકેલા રૂ.૫૩,૮૩૬નું ૨૦૦ મીટર વાયરનું બંડલ અને ન્યુ હાઈટ્સ કંન્સ્ટ્રકશનના ઈલેક્ટ્રિક લાઈટના વીજપોલ ઉપરથી આશરે રૂ.૧૭ હજારનો ૨૦૦ મીટર કોપરના ઈલેક્ટ્રિક વાયરો મળી કુલ રૂ.૧,૯૭,૩૪૦ના કોપરના ઈલેક્ટ્રિક વાયરોની ચોરી કરી શખસો ભાગી ગયા હોવાથી કંપનીનાં માલીકે કેરાળા જીઆઈડીસી પોલીસમાં અજાણ્યા ચોરો વિરૂદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોરીનો ગુનો નોંધી નાસી છુટેલા ચોરોને પકડી પાડવા ચક્રોં ગતિમાન કર્યા હતા.

# મહેસાણાની કર્વે હાઈસ્કૂલમાં ધો.૧૦ ભણેલા ૫૦ મિત્રો ૫૩ વર્ષ પછી મળ્યા,સંસ્મરણો યાદ કરતાં આંખોમાં આંસુ સર્યાં

મહેસાણાની કર્વે હાઈસ્કૂલમાં ધોરણ ૧૦માં ભણેલા ભૂતપૂર્વ ૫૦ વિદ્યાર્થીઓ ૫૩ વર્ષ પછી રવિવારે એકસાથે મળ્યા હતા. આ સમયે એકબીજાના ચહેરા જોઈ જૂના સંસ્મરણો વાગોળતાં બાળપણની યાદોમાં ડૂબી ગયા હતા. વયમર્યાદાથી નોકરી કે ધંધામાંથી નિવૃત્ત થયા હોય એવા ૭૦ વર્ષની વયે પહોંચેલા મિત્રો મળતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

હાલ દાદા-દાદી બની ચૂકેલા પણ વર્ષ ૧૯૭૧માં આ જ શાળામાં જે વર્ગમાં ભણેલા ત્યાં ઘડીભર બેસીને આખો દિવસ માતૃસંસ્થામાં પસાર કરી સ્નેહમિલનરૂપે મીઠી યાદોને સ્ટેજ પર પરિચય સાથે તાજી કરી હતી. મહેસાણા પ્રભુનગરમાં રહેતા અશોકભાઈ મોહનીયા, રસિકભાઈ ચોક્સી અને હાલ અમદાવાદ રહેતા દિલીપભાઈ પુરાણી છ મહિના પહેલાં મળતાં આ વિચાર આવ્યો અને એક પછી એક મિત્રોનો સંપર્ક શરૂ કરતાં ૫૦ મિત્રોનું વોટ્સએપ ગૃપ બનાવી ૩૧ માર્ચના રોજ દંપતી સાથે સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. હાલ ૮૫ વર્ષની વયનાં સાત શિક્ષકોને નિમંત્રી ગુરુવંદના કરી હતી. અશોકભાઈએ કહ્યું કે, ૫૩ વર્ષ પછી પહેલીવાર બધા મળ્યા એટલે જૂના સંસ્મરણો યાદ આવતાં આંખોમાંથી હર્ષનાં આંસુ સરી પડ્યાં.૫૩ વર્ષે મિત્રોને મળ્યાનો પ્રસંગ યાદગાર બની રહ્યોઅમેરિકામાં રહેતા વિનોદભાઈ પંડ્યાએ કહ્યું કે, ચારેક વર્ષથી કેલિફોર્નિયામાં રહું છે. ફેબ્રુઆરીમાં નડિયાદ આવ્યો હતો અને માર્ચમાં પરત જવાનું હતું. પરંતુ મિત્રોનો ફોન આવ્યો, કાર્યક્રમમાં બધા મળીશું એટલે રોકાઈ ગયો.

# વિજયા ગાંગુલી, પ્રસાદ દેવરે અને શ્રીકાંત શ્રીનિવાસન દ્વારા નાસ્કોમના નેતૃત્વમાં ધાર્મિક અને જાતિના ભેદભાવનો પર્દાફાશ

NASSCOM માં વિજયા ગાંગુલીના ઉલ્કા ઉદયની આસપાસના તાજેતરના ઘટસ્ફોટ, પ્રસાદ દેવરે અને શ્રીકાંત શ્રીનિવાસન દ્વારા સુવિધાયુક્ત અને સમર્થન, સંસ્થામાં પ્રણાલીગત દુરુપયોગ અને શોષણની વિચલિત પેટર્નને છતી કરે છે. ગાંગુલીનું મુંબઈ, ગુજરાત, ગોવા, ઈન્દોર સહિત અનેક પ્રદેશોમાં મેનેજરથી રિજન હેડ સુધીનું ઝડપી આરોહણ અને તાજેતરમાં પુણેમાં ઑક્ટોબર મહિનામાં, અનૈતિક યુક્તિઓ અને પ્રથાઓની શ્રેણી અને પ્રસાદ દેવરે પ્રાદેશિક વડાથી ડિરેક્ટર અને વરિષ્ઠ સુધીના સંસ્થા સાથે ડિરેક્ટર. કાર્યક્ષમતા અને પ્રગતિની આડમાં કાર્યરત, ગાંગુલી, દેવરે અને શ્રીનિવાસને ૧૫ થી ૩ વર્ષ સુધીના કાર્યકાળ સાથે સમર્પિત કર્મચારીઓને લક્ષ્ય બનાવીને ગુંડાગીરી અને બળજબરીનો આશરો લીધો છે. આ વ્યક્તિઓ, જેમણે સંસ્થાની નિષ્ઠાપૂર્વક સેવા કરી છે, તેમને અપમાન, પજવણી અને રાજીનામું આપવા માટે અયોગ્ય દબાણ કરવામાં આવ્યું હતું, તેમના દ્વારા સત્તા પર ત્રણેયની પકડ મજબૂત કરવા માટે તેમના કરાર બળપૂર્વક સમાપ્ત કરવામાં આવ્યા હતા અને તેમને સંસ્થામાં પ્રમોટ કરવામાં આવ્યા ન હતા. વધુમાં, વિજયા ગાંગુલી અને પ્રસાદ દેવરેના અનૈતિક પ્રમોશનોએ નવી રોજગારીની તકોને અટકાવી છે, ભત્રીજાવાદ અને પક્ષપાતની સંસ્કૃતિને કાયમી બનાવી છે જે ભારતના રાજ્ય તરીકે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા અને એમપી પ્રદેશોમાં સ્થાનિક પ્રતિભાઓને તેમના સમુદાયોની સેવા કરવાથી વ્યવસ્થિત રીતે બાકાત રાખે છે. જી/જીઝ/યીહ-ીદ્વિર્ક્ષ/મ્ઝ કેટેગરીઓ ગાંગુલી, દેવરે અને શ્રીનિવાસન દ્વારા સંચાલિત એકાધિકારવાદી નિયંત્રણને કારણે રોજગાર મેળવવામાં જટિલ પડકારોનો સામનો કરે છે. સંગઠન પ્રણાલીમાં તેમની નોકરીઓ બચાવીને, ભારતમાં રાજ્યોના વિકાસ તરીકે પ્રદેશોને મદદ કરવા માટે કર્મચારીઓની માંગ હોવા છતાં વ્યક્તિઓને કામ કરવાની તકો ન મળવા દે છે. સત્તાનો આ સ્પષ્ટ દુરુપયોગ માત્ર વાજબીતા અને સમાનતા, વિવિધતા અને સમાવેશના સિદ્ધાંતોને તોડી નાખે છે પરંતુ ઉદ્યોગ નેતૃત્વના પ્રતિરૂપ તરીકે દ્વછજીજીર્ઝ્સ ની પ્રતિષ્ઠાના નામનો ઉપયોગ કરીને કલંકિત પણ કરે છે. વિજયા, પ્રસાદ અને શ્રીકાંતે ડર, વર્ચસ્વ અને ધાકધમકી દ્વારા વર્ગીકૃત થયેલ ઝેરી કાર્ય વાતાવરણ કેળવવા માટે તેમની સત્તાના હોદ્દાનો ઉપયોગ કર્યો છે, જેના પગલે તેઓ બરબાદ થયેલી કારકિર્દી અને વિખેરાયેલી આકાંક્ષાઓનું પગેરું છોડી દે છે.NASSCOM એ શોષણની આ સંસ્કૃતિને તાકીદે સંબોધિત કરવી જોઈએ અને જવાબદારોને તેમની ક્રિયાઓ માટે જવાબદાર ઠેરવવી જોઈએ. આમ કરવામાં નિષ્ફળતા માત્ર સંસ્થાના કર્મચારીઓના વિશ્વાસનો જ નહીં પરંતુ તેની વિશ્વસનીયતા અને પ્રામાણિકતામાં પણ ઘટાડો કરશે. તે અનિવાર્ય છે કે દ્વછજીજીર્ઝ્સ તેના મિશન અને મૂલ્યોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે પારદર્શિતા, નિષ્પક્ષતા અને નૈતિક નેતૃત્વ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે. વિજયા ગાંગુલી, પ્રસાદ દેવરે અને શ્રીકાંત શ્રીનિવાસને ધર્મ અને જાતિના આધારે ભેદભાવ કર્યો છે, ખાસ કરીને બ્રાહ્મણો વ્યક્તિઓને નિશાન બનાવીને, પરિસ્થિતિની ગંભીરતાને વધુ જટિલ બનાવે છે અને સંપૂર્ણ તપાસની જરૂર છે.

# સમૂહ લગ્ન માં ઘનશ્યામ બિરલા એ જન્મ દિવસ ની ઉજવણી કરી



લોક રક્ષક હિન્દ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિતસમૂહ લગ્ન માં ઘનશ્યામ બિરલા એ જન્મ દિવસ ની ઉજવણી કરી . ૧૦૨ વાર રક્તદાન કર્યું નવદંપતી ઓ સાથે વૃક્ષા રોપણ કરીને .ઓર્ગન ડોનેશન નાં સંકલ્પ પત્રો ભર્યા રક્તદાન કેમ્પ નું આયોજન લોકરક્ષક હિન્દ ચેરીટેબલ ટ્રસ્ટ વેલજા સેખપુર આયોજીત સર્વજ્ઞાતી સમૂહ લગ્નમાં ૧૧નવદંપતી ઓ જોડાયા હતા જેમાં સુરત શહેર નાં સામાજિક અગ્રણી અને સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત નાં પ્રમુખ શ્રી ઘનશ્યામ બિરલા એ પોતાના ૫૮ માં જન્મદિવસ ની ઉજવણી ૧૦૨ વાર રક્તદાન કરી ને મનાવી હતી બિરલા એ વધુ માં જણાવ્યું હતું કે સમૂહ લગ્નમાં જોડાયેલ ૧૧ નવદંપતી ઓ પાસે પર્યાવરણ ની જાગૃતિ માટે વૃક્ષારોપણ કરાવીને વૃક્ષ ની જાળવણી નાં શપથ લેવરાવ્યા હતા તેમજ આં તમામ નવદંપતી ઓ પાસે ઓર્ગન ડોનેશન નાં ફોર્મ ભરાવ્યા હતા તેમજ એક રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હાજર મહેમાનો તેમજ સ્થાનિકો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું આવા સુંદર સામાજિક જન્મ દિવસ ની ઉજવણી હાજર રહેલ બાળ વક્તા ચાર્મી ગુણા નિલેશ ગામી સચિન જીઆઇડીસિ તેમજ સંસ્થા નાં ઘનશ્યામ પાધરા હરેશ માંગરોળીયા મનસુખ લાખાણી જે ડી પટેલ બાબુ હડિયા.મહેશ ક્યાડા .વિગેરે મિત્રો એ હાજર રહી ને જન્મ દિવસ ની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી

# ડાંગ જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી માટે ફરજનિયુક્ત પોલીંગ અને પ્રિસાઈડીંગ ઓફિસરોને તાલીમ અપાઈ



**ચૂંટણી પ્રક્રિયા તેમજ ઈફ્ સ મશીનના પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન તેમજ વિવિધલક્ષી કામગીરીથી તાલીમબદ્ધ કરાયા :**

**-**

**તાલીમ વર્ગોની મુલાકાત લઈ અપાઇ રહેલી તાલીમનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી માર્ગદર્શિત કરતા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મહેશ પટેલ**

: આહવા:

લોકસભાની સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ને અનુલક્ષીને ૨૬-વલસાડ (જી.) સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટ, ૧૭૩-ડાંગ (જી.) મતદાર વિભાગનું મતદાન પણ, રાજ્ય સમસ્તની જેમ ત્રીજા ચરણમાં એટલે કે આગામી તા.૭/૫/૨૦૨૪ના રોજ યોજાનાર છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે સુનિશ્ચિત કરાયેલી કામગીરીના ભાગરૂપે, ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી મહેશ પટેલ, તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી શ્રી સાગર મોવલિયાના માર્ગદર્શન હેઠળ, ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારી, કર્મચારીઓને તબક્કાવાર જરૂરી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે તારીખ ૩૧મી માર્ચ થી સરકારી વિજ્ઞાન કોલેજ-આહવા ખાતે ચૂંટણી સાથે સંકળાયેલા પોલીંગ ઓફીસર, પ્રિસાઈડીંગ ઓફિસર, અને આસિસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફિસરોની તાલીમ યોજવામાં આવી રહી છે. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મહેશ પટેલે તાલીમ વર્ગોની જાત મુલાકાત લઇ, પ્રિસાઇડીંગ ઓફિસરોને અપાઇ રહેલી તાલીમનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ચૂંટણીલક્ષી કામગીરીમાં સંકળાયેલા તમામ ઓફિસરોને માર્ગદર્શિત કર્યા હતા. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ખૂબ જ ચોકસાઈ સાથે હાથ ધરવા, અને મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના ઓફિસરો, પોતાની કામગીરી સુનિશ્ચિત કરે તે હિતાવહ છે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મહેશ પટેલે આ વેળા જણાવ્યું હતું.આ તાલીમ વર્ગમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે, અને આફ્ટર પોલ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સુપરવાઈઝરની કામગીરી બાબતે ચોકસાઈ અને સચોટતાની સાથેમતદાનની કામગીરીસરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈદ્યાનિક ફોર્મની વિગતો ભરવા, રજીસ્ટરમાં તેની નોંધણી, સંપૂર્ણમતદાન પ્રક્રિયા, જેવી તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં નોડલ ઓફિસર (મેન પાવર મેનેજમેન્ અને અધિક નિવાસી કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એમ.કે.ખાંટ, મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી શ્રી એસ.કે.મોવલિયા, નોડલ ઓફિસર (બેલેટ પેપર અને પોસ્ટલ બેલેટ) તેમજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ, આહવા તાલુકા મામલતદાર શ્રી યોગેશ ચૌધરી, વઘઈ તાલુકા મામલતદાર શ્રી એમ.આર.ચૌધરીએ પણ મુલાકાત લઈ તાલીમનું નિરિક્ષણ કર્યું હતું.

# એન એન્ડ કે પંડ્યા હિંમત હાઈસ્કુલ - ૨ ની છાત્રા નિબંધ સ્પર્ધામાં અવ્વલ




બાળકોમાં ધર્મ,આધ્યાત્મ પ્રત્યે જાગૃતિ આવે તે માટે શાંતિનગર ( હિંમતનગર) ની શાળા એન એન્ડ કે પંડ્યા હિંમત હાઈસ્કુલ નંબર -૨ દ્વારા દાતાઓનાં સહયોગ થી નિબંધ સ્પર્ધાનું આયોજન હતી.અનુમોદક પરિવાર જૈન શ્રેષ્ઠી ભંડારી ગિરીશ ભાઈ અમૃતલાલ ( સંઘવી ) દ્વારા ઈનામ અર્પણ કરીને અનુમોદના પાઠવી હતી. આ પ્રસંગે શાળા તેમજ મંડળનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.તથા વિજેતાઓને ઈનામ વિતરણ

## વિશ્વની સર્વ શ્રેષ્ઠ વ્યક્તિ સાધુ સંત વિષય પર પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને એકાવન હજારનું ઈનામ જીત્યું.

કરવામાં આવ્યું હતું.જેમાં અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.વિશ્વની સર્વ શ્રેષ્ઠ વ્યક્તિ સાધુ ( સંત) વિષય પર આયોજિત આ નિબંધ સ્પર્ધામાં હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત શાળાની વિદ્યાર્થિની શ્રી કાવ્યાબેન કમલેશભાઈ પ્રજાપતિ પ્રથમ ક્રમાંકે આવી કરવામાં આવ્યું હતું.કાવ્યાને શાળા, ગ્રામ જનો તથા ઠેર ઠેર થી અભિનંદન પાઠવ્યા હતા.( -રમેશ ગોસ્વામી ×સારથિ× )

# ડાંગ જિલ્લા સુબિર તાલુકા પંચાયત નુ લાઈટ બિલ સા કારણે ભરવામાં આવ્યું નથી જરાક હાથીવાલા સાહેબ ધ્યાન આપો તો સારું લોક ચર્ચા હવે સુબીર તાલુકા પંચાયત નું શુ થશે લાઈટ વગર ખરું ને......?

ડાંગ જિલ્લાના છેવાડે આવેલ સુબિર તાલુકો જે આજે પણ વિકાસના વેગને જોયો ન હોય તેમ લોકો અનુભવ કરી રહ્યા છે અને વિકાસ ને વેગ મળશે પણ નહીં એ ચોક્કસ છે જ આ કિસા પર થી પ્રતીત થી રહ્યું છે ત્યારે સરકારને ચૂનો ચોપડતો કિસ્સો બહાર આવતા લોકોમાં તર્ક વિતર્ક ચર્ચિત થઈ રહ્યો છે તેવામાં ડાંગ ને સુબીર તાલુકા પંચાયત અને ડાંગ જિલ્લા ને લજવતો કિસ્સો બહાર આવતા સુબિર ટી.ડી.ઓ મહેન્દ્રભાઈ હાથીવાલા સાહેબ હરકતમાં આવી વિભાગના કર્મચારીઓને ખખડાવ્યા હતા આટલા સમય સુધી બિલ કેમ ન ભરવામાં આવ્યું નથી એનો ખુલાસો માંગતા સુબિર તાલુકા પંચાયતનું એક વર્ષનું બિલ ભારણુ બાકી હોય સા કારણે છે પરંતુ ત્યાંના જે તે કર્મચારી દ્વારા કોઈ ખુલાસો આપવમાં આવ્યો ન હતો જેથી જી.ઇ.બી વિભાગે વીજ કનેક્શન કાપી ગયા હતા ત્યારે આટલા સમય કર્મચારીઓ શું ઊંઘમાં હતા કે પછી સરકારી કચેરી ના અધિકારી શ્રી ઊંઘમાં હતાં કે પછી માફ થઈ જશે તેમ માની આરામ ખુરશીમાં હળવાશની વાતો કરતા હતાં એવું લાગી રહ્યું છે તે પણ તપાસ નો વિષય બન્યો છે. એનો મતલબ એવું પણ થયા છે કે અધિકારી શ્રી દ્વારા ચાર્જ લીધા બાદ કાદચ જોવામાં આવ્યું નહીં હોય ક્યાં તો ત્યાંના કર્મચારી મિત્રો દ્વારા તેઓને બતાવવામાં આવ્યું નહીં હોય એવું પણ થઈ શકે છે ખરું ને આ લોક ચર્ચા થઈ રહી છે ડાંગ જિલ્લા આહવા તાલુકાના બાહોશ એવા જી.ઇ.બી નાયબ ઈજનેર વી.ડી.પટેલે સુબિર તાલુકા પંચાયતના અધિકારીને ગણતરીના કલાકોમાં દોડતા કરી દીધા હતા એક અહેવાલ અનુસાર છેલ્લા એક વર્ષનું વીજ બિલ ભરવા તાકીદ પણ કરવામાં આવી હતા પરંતુ તાલુકા પંચાયત ના અધિકારી મિત્રો અને કર્મચારી ગણ સજાગ ન થતા ના છૂટકે વીજ કનેકશન કાપવા પડ્યું હતું જે કાયદા મુજબ છે. લોકો પોતાના વીજ બિલ નાના હોય કે મોટા કાયમી ભરતા હોય તો સરકારી કચેરી કેમ ન ભરે તે નિયમ વિરુદ્ધ છે.કોઈ પણ અધિકારી શ્રી કે કર્મચારી મિત્રો પોતાના ઘર નું લાઈટ બિલ તાત્કાલિક ભરી દે છે તો સરકારી બિલ ભરવામાં કેમ મોડું કરે છે ડાંગ જિલ્લામાં આવેલ સુબિર તાલુકા પંચાયતનું છેલ્લા એક વર્ષથી વીજ બિલ ન ભરતા આખરે વીજ કનેકશન કપાતા તાલુકા પંચાયતનો વહીવટ ખોરવાયો હતો

# સૂર સાધના ગૃપ બોટાદ દ્વારા યોજાયો મ્યુઝિકલ શો




સુર સાધના ગ્રૂપ બોટાદ, મ્યુઝિકલ શો યોજાયો

તા. ૩૧/૦૩/૨૪ ને રવિવારના રોજ સાંજે ૬ કલાકે સર તખ્તસિંહજી લાયબ્રેરી હોલ ખાતે સંગીત સંધ્યા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટ્ય અને પ્રાર્થના રજૂ થયા બાદ મુખ્ય મહેમાન શ્રી જી.જી.બાવીસા - મામલતદાર શ્રી અમરેલી શહેર તથા ચેતનભાઈ દવે ટી.ડી.ઓ શ્રી રાણપુરનું શાલ તથા પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સંગીત સંધ્યામાં કલ્યાણજી આણંદજી દ્વારા સંગીતબદ્ધ થયેલા ગીતો અલ્કેશભાઈ , જીગ્નેશભાઈ, શ્વેતાબેન , રાજુભાઈ, કમલેશભાઈ, નવનીતભાઈ, ભરતભાઈ, ભાઈલાલભાઈ, માધુરીબેન , પાયલબેન, હેમલબેન, ગીતાબેન વગેરે સાધકો દ્વારા સુમધુર કંઠે પ્રસ્તુત થયાં હતાં. આ કાર્યક્રમમાં ભાવનગર તથા બોટાદનું ગૌરવ એવાં જાણીતા પાશ્વ ગાયક સ્વ.ડો.કમલેશ અવસ્થીને શબ્દાંજલિ અર્પણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંગીતપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતાંસમગ્ર કાર્યક્રમનું સંચાલન પારેખ લાલજીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આચારસંહિતાની અમલવારી માટે જિલ્લાના ૯૦૧ પરવાના ધારકોના હથિયાર જમા લેવાયાં



ચૂંટણીપંચ દ્વારા દેશભરમાં વિવિધ તબક્કામાં ચૂંટણી જાહેર કરીને આચારસંહિતા લાગું કરવામાં આવેલ છે. જેને અનુસંધાને જિલ્લા કલેક્ટર દ્વારા લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય અને તમામ મતદાન મથકો પર કોઈ પણ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ દરમિયાન હથિયારનો વપરાશ ન થાય તે હેતુસર જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જિલ્લાના તમામ હથિયાર પરવાના ધારકોને આચારસંહિતા લાગું હોય ત્યાં સુધી નજીકના પોલીસ સ્ટેશનમાં હથિયાર જમા કરાવવા માટે તાકીદ કરવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા પણ આ બાબતે પગલાં ભરતાં અંદાજીત ૨ સપ્તાહના સમયગાળામાં જિલ્લામાંથી ૯૦૧ જેટલાં પરવાના ધારકોના હથિયારો જમા લેવાયા છે.કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અર્થે જિલ્લા પોલીસ વડા અને જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા આ બાબતે પગલાં ભરવામાં આવ્યાં છે. જમા કરાયેલાં હથિયારનો રિપોર્ટ પ્રતિદિન પોલિસ તંત્ર દ્વારા ચૂંટણી તંત્રને આપવામાં આવે છે. જિલ્લાના કુલ ૧૦૮૮ જેટલાં પરવાના ધારકોમાંથી ૯૦૧ લોકો દ્વારા હથિયારો જમા કરાવી દેવામાં આવ્યાં છે.




બનાસકાંઠા લોકસભા ની વાવ વિધાનસભા ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટિલ સાહેબ ની વિશેષ ઉપસ્થિતિ માં બ્રહ્મસમાજ આગેવાન અમિરામ જોશી સાથે મોટી સંખ્યા માં સમર્થકો ભારતીય જનતા પાર્ટી માં જોડાયા હતા આ કાર્યક્રમ માં ભાજપના નેતાશ્રી જીતુ મહેતા અને શ્રી પરેશભાઈ શાસ્ત્રી ઉપસ્થિત રહેલ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.